# બાયડમાં રાહુલની ખેડૂત અધિકાર સભામાં જંગી જનમેદની

## જય સરદાર, જય માતાજી, જય ભીમથી શરૂઆત : રાહુલ ગાંધીની આક્રમક શૈલીમાં મોદી-ભાજપ પર પ્રહારો

બાયડ, તા. ૨૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણી અંતર્ગત પ્રચાર માટે બે દિવસના પ્રવાસે આવેલા કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી બીજા દિવસે દહેગામથી અરવલ્લી જિલ્લામાં પ્રવેશ તેનપુર ગામે પાટીદાર સમાજ સહીત ગામલોકોએ ભવ્ય સ્વાગત કર્યું હતું. બાયડ ખેડૂત અધિકાર સભાના મંડપમાં પહોંચી લોકોનું અભિવાદન કરતા જનમેદીનીમાંથી કોંગ્રેસ આવે છે અને રાહુલ ગાંધી તુમ આગે બઢો, હમ તુમ્હારે સાથ હૈ ના નારા ગૂંજ્યા હતા.

બાયડના રિલાયન્સ પેટ્રોલ પમ્પ નજીક ઉભા કરાયેલા સામિયાણામાં મોટી સંખ્યામાં લોકો રાહુલ ગાંધીને સાંભળવા ઉમટી પડ્યા હતા. રાહુલ ગાંધીએ જનમેદનીને સંબોધતા મોદી-ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. અને કોંગ્રેસ કેન્દ્રમાં હતી ત્યારે રોજગારી માટે ૩૩ હજાર કરોડનો મનરેગા પ્રોજેક્ટ લાવી હતી જેથી લોકોને રોજગારી મળી હતી અને આર્થિક સાથી સુધરવાની સાથે અર્થતંત્રમાં વધારો થયો હતો. જયારે મોદી સરકારે ગુજરાતના લોકોની મહેનતની કમાણીના રૂપિયા ૩૩ હજાર કરોડ રૂપિયા માત્ર એક ઉદ્યોગપતિને નેનો પ્રોજેક્ટને આપી દીધા હતા અને ખેડૂતોની જમીન પાણી અને વીજળી પણ છીનવી લઈ આપી દઈ લોકોને રોજગાર પુરી પાડવાની વાતો કરી હતી પણ પ્રોજેક્ટ ફેઈલ જતા લોકોને રોજગારી તો ન મળી પરંતુ આજે નેનો કાર રસ્તા પર શોધી પણ જડતી નથી. મોદી સરકારે એક ઉદ્યોગપતિને કરેલી ૩૩ હજાર કરોડ રૂપિયાની લ્હાણીને બદલે રાજ્યના લોકો અને યુવાનો માટે શિક્ષણમાં સરકારી સ્કૂલો કે કોલેજો પાછળ અને સરકારી હોસ્પિટલ બનાવી આરોગ્ય પાછળ ખર્ચ્યા હોત તો અત્યારે ગુજરાતના લોકો મુશ્કેલી અનુભવતા નહિ અને યુવાનો માટે રોજગારી મળી રહેતી. ગુજરાતની ભાજપ સરકારે શિક્ષણ અને આરોગ્ય જેવા મહત્વના મુદ્દાને સંપૂર્ણ પણે અવગણ્યા છે અને છેલ્લા ૨૨ વર્ષથી પાંચ સાત ઉદ્યોગપતિઓને સાચવી પ્રજાને લૂંટી રહ્યા છે. નોટ બંધી અને જીએસટી અને રાફેલ વિમાનો માટે નરેન્દ્ર મોદીના એકલપણે લીધેલા નિર્ણયો લોકો પર ઠોકી બેસાડતા લોકોની હાલત કફોડી બની છે અને અર્થવ્યવસ્થા ખાડે જવાની સાથે બેરોજગારી વધી છે.

રાહુલગાંધીએ નરેન્દ્રમોદી અને ભાજપ સરકાર પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે ગુજરાત વિકાસ મોડેલ ના રહેતા નરેન્દ્ર મોદી માર્કેટિંગ મોડેલ અને રૂપાણી બીજેપી મોડેલ ગણાવ્યું હતું.




# મોડાસામાંથી અપહરણ કરી ભીખ મંગાવાતી ગેંગની ચુંગાલમાંથી વિકલાંગને બચાવી વતન મોકલાયો

## જીવદયાપ્રેમી નિલેશભાઈ જોશી અને તેમની ટીમે માનવતા જીવે છે નું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીનું રાજકારણ જામ્યું છે અને નેતાઓ સહીત કાર્યકરો લોક સેવાનું રાજકારણ કરી રહ્યા છે. બીજી બાજુ જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં વિકલાંગ, નિસહાય અને અનાથ બાળકોને ઉઠાવી જઈ ભીખ મંગાવાતી વાદી ટોળકીનો ભોગ બનેલા વિકલાંગ યુવકને ખેડા જિલ્લાના ઠાસરાના પાયલિયા ગામથી ઉઠાવી લાવી અલગ-અલગ જગ્યાએ ભીખ મંગાવી છેલ્લા દસ દિવસથી મોડાસા નગરપાલિકા બગીચા સામે બેસાડી ભીખ મંગાવતા દયનિય હાલતમાં બેઠેલા વિકલાંગ યુવાનની મદદે જીવદયાપ્રેમી લોકોએ પોલીસે સંપર્ક કરી તેના વતને પહોંચાડવા તજવીજ હાથ ધરી હતી.



મોડાસામાં જીવદયા પ્રેમી તરીકે જાણીતા અને સમાજસેવી નિલેશભાઈ જોશી, પ્રો.સંતોષ દેવકર, તુષાર પટેલ (પિન્ટુ) અને જય અમીને ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના પાયલિયા ગામે વિકલાંગ અને અંધ રમેશભાઈ સોલંકીને દોઢ મહિના અગાઉ રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી અપહરણ કરી ભીખ મંગાવાતી વાદી ગેંગ દ્વારા ગાડીમાં ઉપાડી લઈ અલગ-અલગ વિસ્તારમાં દિવસ દરમિયાન ભીખ મંગાવી દસ દિવસ અગાઉ મોડાસા શહેરના માલપુર રોડ પર સાંઈ મંદિર અને નગરપાલિકા બગીચામાં નજીક ફૂટપાથ પર બેસાડી ભીખ મંગાવતા હતા અને મોડી રાત્રે એકઠી થયેલ ભીખની રકમ મારઝૂડ કરી પડાવી જતા રહેતા હતા. નિસહાય હાલતમાં ભીખ માંગતા વિકલાંગ યુવક પર નિલેશભાઈ અને તેમની ટીમને જાણ થતા વિકલાંગ યુવકને જમવાનું અને ઠંડીથી રક્ષણ મળે તે માટે ધાબળાની વ્યવસ્થા કરી વિકલાંગ યુવકને પુછાતા સમગ્ર ઘટનાનો ઘટસ્ફોટ થતા અને યુવકે તેના વતને પહોંચાડવાની આજીજી કરતા અને ગેંગના ચુંગાલમાંથી છોડાવા જણાવતા આ અંગે જિલ્લા પોલીસ અધિકારીને લેખિત જાણ કરી ડેપો મેનેજર સાથે રાખી વિકલાંગ યુવકને તેના વતન જતી બસમાં બેસાડી ઘરે પહોંચાડવાની વ્યવસ્થા કરતા માનવતા મહેકી ઉઠી હતી બસ સ્ટેન્ડમાં રહેલા મુસાફરોએ પણ આ કાર્યને બિરદાવ્યું હતુ.

અરવલ્લી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા જિલ્લા સહીત મોડાસા શહેરના વિવિધ વિસ્તારોમાં ભીખ માંગતા લોકોની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી વિકલાંગ નિસહાય અને અનાથ લોકો અને બાળકોને ઉઠાવી જઈ ભીખ મંગાવાતી વાદી ગેંગનો પર્દાફાશ થવાની સાથે અન્ય લોકો આ ગેંગનો ભોગ બનતા અટકાવી શકાય અને કેટલાય નિર્દોષ લોકોનો ભીખ માંગવા સહીત ટોળકી દ્વારા થતી મારઝૂડમાંથી બચાવી શકાય જેથી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા યોગ્ય તપાસ થાય તેવું જિલ્લાના પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

# આવતીકાલે ધાનેરા ખાતે ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈ ફોર્મ ભરશે

## ધાનેરા ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈનું દાંતીવાડા ભાજપ દ્વારા સ્વાગત : વાઘરોલ ખાતે વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓએ સ્વાગત કરી વિજય બનાવવાનો સંકલ્પ કર્યો

ધાનેરા વિધાનસભા બેઠક માટે ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈ સોમવારે ધાનેરા પ્રાંત કચેરી ખાતે પોતાનું ઉમેદવારીપત્ર ભરશે. ફોર્મ ભરતા અગાઉ તેઓ બનાસ શીત કેન્દ્ર ની સામે એપલ હોટલની બાજુમાં વિશાળ જાહેર સભા સંબોધશે. ત્યારબાદ વિજય મુહૂર્તમાં પોતાનું ઉમેદવારીપત્ર રજૂ કરશે.

ધાનેરા વિધાનસભા બેઠક માટે ભાજપના ઉમેદવાર તરીકે જાહેર કરાયેલા માવજીભાઈ મગનભાઈ દેસાઈ નું ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં ઠેર ઠેર સ્વાગત થઈ રહયુ છે. શનિવારે દાંતીવાડા ભાજપ દ્વારા વાઘરોલ ખાતે બેઠક યોજી વિશાળ સંખ્યામાં કાર્યકર્તાએ ઉપસ્થિત રહી માવજીભાઈ દેસાઈનું સ્વાગત સન્માન કરી તેમને જંગી બહુમતીથી વિજયી બનાવવાનો સંકલ્પ કર્યો હતો.

ધાનેરા વિધાનસભા બેઠક માટે ભાજપ દ્વારા ડીસા માર્કેટયાર્ડના ચેરમેન, બનાસ ડેરીના વાઈસ ચેરમેન, બનાસ મેડિકલ કોલેજ ના સ્થાપક ચેરમેન અને રબારી સમાજના યુવા આગેવાન તેમજ જિલ્લાના યુવા સહકારી અગ્રણી અને પ્રતિષ્ઠિત વેપારી એવા માવજીભાઈ મગનભાઈ દેસાઈને ઉમેદવાર બનાવતા સોમવારે તેઓ ધાનેરા પ્રાંત કચેરી ખાતે ઉમેદવારીપત્ર ભરશે. ઉમેદવારી ફોર્મ ભરતા અગાઉ માવજીભાઈ દેસાઈ ધાનેરા ખાતે સવારે ૯ કલાકે એપલ હોટલ ની બાજુમા, બનાસ શીત કેન્દ્રની સામે વિશાળ જાહેર સભાને સંબોધશે.

આ પ્રસંગે રાજય મંત્રી શંકરભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ તેમજ રાજ્ય મંત્રી કેશાજી ચૌહાણ, થરાદના ધારાસભ્ય પરબતભાઈ પટેલ ઉપરાંત પ્રદેશ અને જિલ્લાના ભાજપના હોદેદારો કાર્યકરો તેમજ દાંતીવાડા અને ધાનેરા તાલુકા ભાજપના કાર્યકરો





શક્તિપીઠ, શક્તિ કેન્દ્રના ઈન્ચાર્જ અને દરેક સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. માવજીભાઈ દેસાઈ ૧૨-૩૯ કલાકે ધાનેરા પ્રાંત કચેરી ખાતે વિજય મુહૂર્તમાં પોતાનું ઉમેદવારીપત્ર રજૂ કરશે.

માવજીભાઈ દેસાઈએ પોતાનું ઉમેદવારીપત્ર રજૂ કરવા તમામ ભાજપના તમામ આગેવાનો, હોદેદારો જિલ્લાના સહકારી અગ્રણીઓ, કાર્યકરો તેમજ ધાનેરા અને દાંતીવાડા તાલુકાના મતદારોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા આહવાન કર્યુ છે.

# પોગલુ પીએચસીના સોનાસણ સબ સેન્ટરની અનન્ય સેવા

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પોગલુ પ્રા.આ. કેન્દ્રના સોનાસણ બ્લોક સેન્ટરના આરોગ્ય કર્મચારીએ માતા અને બાળકીને મોતના મુખમાંથી બચાવી માનવતા કાર્ય સાથે સરકારના બેટી બચાવો અને માતા મરણ અટકાવવાના અભિગમને સાચા અર્થમાં વેગ આપવાનો કિસ્સો સમગ્ર તાલુકામાં પ્રસશનિય બન્યો છે.

પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે દહેગામ તાલુકામાંથી આવેલ એક ગર્ભવતિ ગરીબ મહિલાને થોડાક જ સમય પહેલાં તબિયત લથડતાં સોનાસણના તેમના સ્નેહીજનોએ સોનાસણ બ્લોકના એફ.એસ.ડબલ્યુ કર્મચારીનો સંપર્ક સાધતા આ કર્મચારી પલનોય વિલંબ કર્યા સિવાય ગર્ભવતી મહિલાને પોગલુ પીએચસી બાદ હિંમતનગર સિવિલમાં લાવી સારવાર આપતા મહિલાને બાળકીને જન્મ આપ્યો હતો.



ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠક ભાજપના ઉમેદવાર પી.સી. બરંડાએ ફોર્મ ભર્યું હતું. ભાજપના હોદ્દેદારો, કાર્યકરો, ટેકેદારો, હજ્જારો સમર્થકો સાથે રેલી કાઢી વાજતે-ગાજતે મામલતદાર કચેરી પહોંચી ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. હજ્જારો કાર્યકરો, ભાજપના હોદ્દેદારો અને સમર્થકો ઉમટ્યા હતા. ભિલોડા-મેઘરજ વિધાનસભા બેઠક ભાજપના ઉમેદવાર પી.સી.બરંડાએ ભિલોડા મામલતદાર કચેરીમાં ફોર્મ ભર્યું હતું.

## ૯૭૭ ઉમેદવારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે સૌથી ઓછા ઉમેદવાર ગણદેવી બેઠક પર નોંધાયેલા છે જ્યાં ઉમેદવારોની સંખ્યા ૩ ની છે. ડાંગ, ધરમપુર અને કપરાડા બેઠક પર ૫-૫ ઉમેદવારો નોંધાયા છે. જ્યારે નવસારી બેઠક પર ૯ ઉમેદવારો મેદાનમાં છે.

પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ૧૭૦૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. આ પછી ૪૨૩ ઉમેદવારી પત્રો ચકાસણી દરમ્યાન રદ થતાં ૧૨૮૦ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. હવે ૩૦૩ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચતા ૯૭૭ ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા છે.

પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારોએ આજથી જ તેમની પ્રચાર ઝુંબેશના શ્રીગણેશ કરી દીધા છે.

વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણીમાં આ વખતે ૨૭ ઉમેદવારો સૌથી વધુ નોંધાયા છે તે એક વિક્રમી ઘટના બનશે. ગત ૨૦૧૨ની ચૂંટણીમાં સૌથી વધુ ઉમેદવારો વીસ નોંધાયા હતા. જે માત્રે ક બેઠક પર હતા. આ વખતે ૧૭ ઉમેદવારો બે બેઠક પર નોંધાયા છે જે ગત ચૂંટણીમાં પણ બે બેઠક પર હતા.

પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ગત વખતની ચૂંટણી કરતાં વધુ ઉમેદવારો નોંધાયા છે.

પણ પક્ષો માટે કસોટીરૂપ મનાઈ રહયુ છે. આવા સંજોગોમાં સ્થાનિક મતદારો પણ નામોની અટકળો સાથે ચર્ચા કરતા જોવા મળી રહયા છે. ચુંટણીજંગ જ્ઞાતિવાદની ગિરફતમાં આવ્યા બાદ પરિણામલક્ષી પરિબળો પણ પ્રભાવિત થયા છે. રાજકીય કશ્મકશની સ્થિતિ વચ્ચે અપેક્ષિત ઉમેદવારોના બદલે નવા ચહેરાઓ સામે આવે તેવી પણ સ્થિતિ છે. ત્યારે ગાંધીનગર ઉત્તરની બેઠક પર ક્ષત્રિય ઉમેદવારના પોકેટમાં ટીકીટ જાય તેમ પણ મનાઈ રહયુ છે. જયારે દક્ષિણની બેઠક પરથી પાટીદાર ઉમેદવારની શક્યતા સેવાઈ રહી છે. આવા સંજોગોમાં બન્ને પક્ષોના મોવડીયો પણ રાજકીય સમીકરણોનો યોગ્ય અભ્યાસ કરીને ઉમેદવારોને જાહેર કરવામાં ક્યાંય કાચુ ન કપાય તે અંગે વિશેષ તકેદારી રાખવાના મુડમાં છે. જો કે સોમવારે ઉમેદવારી પત્ર ભરવાનો આખરી દિવસ હોવાથી રવિવારે સાંજ સુધીમાં બાકીના તમામ ઉમેદવારોના નામ આખરી થઈ જશે.

## હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉશ્કેરાટવાળુ બોલવુ પણ પડે તો જ ટેમ્પો જામે..!!''

''આ ટેમ્પામાં ને ટેમ્પામાં તો બધુ રફે-દફે કરી નાંખ્યું..!! કોઈને કોઈના પર વિશ્વાસ નથી..! કોઈને કોઈનું સાંભળવું નથી..! બધુ આડેધડ ચાલે છે ને બધુ બેફામ ચાલે છે..!!''

''ના...ના...ના..! હરગીઝ ના ચલાવી લેવાય... હજુ વધારે બગડે તે પહેલાં બાજી સુધારી લેવી પડે..! જેટલું બચે તેટલું બચાવી લઈએ..! વણસતી સ્થિતિને સંભાળી લઈએ..!''

''હા...હા...હા... હું તૈયાર છું... તમે પણ તૈયાર થાઓ..! આપણે બધાં તૈયાર થઈએ..!! રાજકારણમાં શુધ્ધિકરણ માટે... નાત-જાતના ભેદભાવ મીટાવવા માટે... અને મુલ્ય નિષ્ઠાના મહિમા ગાન માટે..!!''

- નિમિત્ત માત્ર




## પ્રાંતિજ ખાતે મતદાન જાગૃતિ રેલી યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મતદાન જાગૃતિ રેલી યોજાઈ હતી. જેમાં મતદારોને વધુમાં વધુ મતદાન કરી મજબૂત લોકશાહિનું નિર્માણ થાય તે માટે મતદાન જાગૃતિ રેલી યોજાઈ હતી. આગામી ડિસેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી-૨૦૧૭ યોજાનાર છે. જેમાં મતદારો વધુમાં વધુ મતદાન કરી મજબૂત લોકશાહીનું નિર્માણ થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ તાલુકા સેવાસદનથી પોસ્ટરો વિવિધ બેનરો સાથે બાઈકરેલી નિકળી હતી. જેમાં પ્રાંતિજ મામલતદાર પટ્ટણી દ્વારા રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. તાલુકા શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલા, મીઠાભાઈ પટેલ સહિત પ્રાથમિક શિક્ષકો મોટી સંખ્યામાં રેલીમાં જોડાયા હતાં અને તાલુકા સેવા સદનથી પ્રાંતિજના વિવિધ માર્ગોએ ફરી પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તા ખાતે રેલીનું સમાપન કરવામાં આવ્યું હતુ.

## ઠંડુ શહેર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાત્રિના સમયે ઠંડી કાતિલ બનતા નગરજનો ઘરમાં પુરાયેલા રહેવાનુ પસંદ કરે છે. ઠંડીના મોજાની સાથે નગરમાં લગ્નસરાની સિઝન પણ નિખરી છે. જયારે ઠંડી વધતા લગ્ન મહોત્સવના આયોજકોની ચિંતા પણ વધી છે. નવેમ્બર મહીનાના અંતિમ દિવસોમાં ઠંડીની ઋતુનો મિજાજ બદલાયો છે. શિયાળો હવે આક્રમક બનવાના મોડ પર છે. ત્યારે આગામી ડિસેમ્બર મહીનામાં પણ હાડ ધ્રુજાવતી ઠંડી પડે તેવી સંભાવના છે.

## ભારે ઉત્તેજના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થયા નથી. ચુંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે ફોર્મ ભરવાના આડે પણ હવે એક જ દિવસ રહી ગયો છે. ત્યારે આ બેઠકો પર ઉમેદવારોના નામ જાહેર નહી કરાતા અનેક તર્ક વિતર્ક વચ્ચે રાજકીય ઉત્તેજનાનો માહોલ બેવડાયો છે. ભાજપે અત્યાર સુધી માણસા અને દહેગામ બેઠક પર પોતના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જયારે કોંગ્રેસે હજુ સુધી એક પણ ઉમેદવારનુ નામ જાહેર કર્યુ નથી. જો કે દહેગામ બેઠક પરથી કોંગ્રેસના કામિનીબાનુ નામ ફાઈનલ હોવાનુ મનાય છે. પરંતુ શહેરી વિસ્તારના મતદારો જયાં મતદાન કરવાના છે. તેવી ઉત્તરની બેઠક માટે પણ હજુ સુધી બન્નેમાંથી એકપણ પક્ષે ટીકીટની ફાળવણી કરવામાં આવી નથી. જયારે ભાજપ કોંગ્રેસ સિવાય અપક્ષ અને પ્રાદેશિક પક્ષોના ૧૮ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોના નામ જાહેર કરાયા બાદ અસંતોષ અને વિરોધ પ્રબળ બને તેવી પણ શક્યતા છે. જેને ધ્યાને લઈ બન્ને પક્ષોએ ડેમેજ કંટ્રોલ માટે પણ પુર્વ તૈયારી કરી દીધી છે. પરંતુ ફોર્મ ભરવાના આખરી દિવસનુ કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયુ છે. ત્યાં સુધી ઉમેદવારોને જાહેર કરવાનુ

## દુરુપયોગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અરજી દાખલ કરી હતી. જો કે ત્યાંથી અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ આ અરજીદારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. અરજી કરનારે પીએમઓ ઓફિસને પણ પાર્ટી બનાવી લેતા કાયદાકીય નિષ્ણાંતોમાં આની ચર્ચા રહી હતી. અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે મોટા અને જંગી ખર્ચ સાથે મોદી માટે મંચ તૈયાર કરવામાં આવ્યા બાદ તે તુટી પડે તે આશ્ચર્યજનક બાબત છે. જંગી ખર્ચ સાથે તૈયાર કરાયેલા મંચની ગુણવત્તા ખુબ ખરાબ હતી. રાજ્ય સરકારના અધિકારીઓ તરફથી આમાં ભ્રષ્ટાચારી તરીકા અજમાવવામાં આવ્યા હતા. અરજીમાં કહેવામાં આવ્યુ હતુ કે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સુરક્ષા સાથે સંબંધિત મામલો હતો. આ મામલે તપાસના આદેશ આપવામાં આવે તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટમાં આ અરજી પહોંચી ગયા બાદ સર્વોચ્ચ અદાલતે કહ્યુ હતુ કે અરજી કરનારે રાજકીય લાભ લેવા માટે આ અરજી દાખલ કરી હતી. આની સાથે સાથે કોર્ટે એક લાખનો દંડ ફટકાર્યોહતો. અરજી કરનારના વકીલ તરફથી કેસની મેરિટ દરમિયાન ચર્ચા વેળા સુપ્રીમ કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી હતી.

## ધનસુરા કેળવણી મંડળના પૂર્વ પ્રમુખનુ નિધન

ધનસુરા, તા. ૨૫

ધનસુરા ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ કેળવણી મંડળના પૂર્વ ટ્રસ્ટી, કોલેજ કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ, ગોકુલનાથજી મંદિરના પૂર્વ ટ્રસ્ટી વૈષ્ણવ સમાજના અગ્રણી ધીરજલાલ મોહનલાલ મહેતાનું વડોદરા ખાતે દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થનું બેસણુ ધનસુરા ખાતે હાઈસ્કૂલના હોલમાં ૨૯મીને બુધવારે બપોરે ૧ થી ૪ રાખેલ છે.

# મોડાસામાં ભાજપના ઉમેદવાર ભીખુસિંહ પરમારનો પ્રથમ દિવસે ૧૯ ગામોનો લોકસંપર્ક

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના ૧૯ ગામોમાં આજે ભાજપના ઉમેદવાર ભીખુસિંહ પરમારનો લોકસંપર્ક અભિયાન શરૂ થતાં પ્રથમ દિવસે જિલ્લા પંચાયતની સાયરા બેઠક ઉપરના આ ગામોમાં પ્રવાસ દરમિયાન ઠેર ઠેરથી આવકાર સાંપડ્યો હતો.

માથાસુલિયા ગામથી શરૂ કરી ખલિકપુર સુધીના ગામોમાં દિવસભર સંપર્ક અભિયાનમાં જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી ઉપરાંત પ્રદેશ સભ્ય કનુભાઈ પટેલ, જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ, મહામંત્રી એસ.એમ. ખાંટ, યુવા મોરચા પ્રમુખ પ્રશાંત પટેલ, તાલુકા પ્રમુખ હસમુખભાઈ પટેલ, મહામંત્રી અંકિતભાઈ પટેલ, પૂર્વ ઉપપ્રમુખ રમણભાઈ પી. પટેલ, ચતુરસિંહ, પૂર્વ મહામંત્રી, જીતુભાઈ, પ્રેમજીભાઈ વૉલવા, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય સુરેશભાઈ સહિત કાર્યકરો જોડાયા હતા.